## ઉધના વિસ્તારમાં પેસેન્જરને રીક્ષામાં બેસાડી આગળ-પાછળ કરી તેઓના ખીસ્સામાંથી મોબાઇલ ફોનની ચોરી કરતા આરોપીઓને ઝડપી પાડતી, ઉધના પોલીસ.

સુરત શહેરના ઉધના પો.સ્ટે. વિસ્તારમાં રીક્ષામાં પેસેન્જરોને બેસાડી તેઓના ખીસ્સામાં રાખેલ મોબાઇલ ફોન ચોરીના ગુના શોધી કાઢવા પો.સ.ઇ.શ્રી જે.એલ.પટેલ તથા સાથેના પોલીસ માણસો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.હે.કો. જયેશ ઇન્દ્રજીતભાઇ તથા અ.પો.કો.સહદેવસિંહ મહિપતસિંહ તથા અ.પો.કો. કિશોરભાઇ નાજાભાઇ નાઓની બાતમી હકીકત મળેલ કે ઉધના પો.સ્ટે.। ગુ.ર.નં.૩૫૭/૨૦૧૯ ઇ.પી.કો. કલમ-૩૭૯,૧૧૪ મુજબના ગુન્હાઓમાં પેસેન્જરને રીક્ષામાં બેસાડી આગળ-પાછળ કરી તેઓના ખીસ્સામાંથી મોબાઇલ ચોરી કરનાર આરોપી નં.(૧) શાહરૂખ મેમુદ પાઠાણ ઉ.વ.૨૩ ધંધો- રીક્ષા ડ્રાઇવર રહે. બ્લોક નં.બી, બિલ્ડીંગ નં.૩૩, રૂમ નં.૦૨, ભેસ્તાન આવાસ ડીંડોલી, સુરત. મુળગામ-જમાદેર તા.જિ.જલગાંવ(મહારાષ્ટ્ર)નાઓ પાસેથી એક મોબાઇલ ફોન કબજે કરેલ તથા નં.(૨) જુનેદ જબ્બાર બકસ ઉ.વ.૨૨ ધંધો- નોકરી રહે. બ્લોક નં.સી બિલ્ડીંગ નં.૧૦૫, રૂમ નં.૦૬, ભેસ્તાન આવાસ ડીંડોલી, સુરતનાઓ પાસેથી આ ગુનામાં વપરાયેલ રીક્ષા તથા બીજા બે મોબાઇલ ફોન કબજે કરેલ તથા નં.(૩) અજરૂદ્દીન શેરોદ્દીન શેખ ઉ.વ.૨૧ ધંધો-રીક્ષા ડ્રા. રહે. બ્લોક નં.એ બિલ્ડીંગ નં.૯૪, રૂમ નં.૦૮, ભેસ્તાન આવાસ, ડીંડોલી, સુરતનાઓ પાસેથી ગુનામાં ગયેલ મોબાઇલ ફોન કબજે કરી તેઓને પકડી લઇ ત્રણ આરોપી પાસેથી કુલ્લે મોબાઇલ નંગ-૦૪ કબજે કરી ઉપરોક્ત વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.